તારું કશું ન હોય તો છોડીને આવ તું,
તારું જ બધું હોય તો છોડી બતાવ તું.

અજવાળું જેના ઓરડે તારા જ નામનું,
હું એ જ ઘર છું એ જ ભલેને ન આવ તું.

પહેર્યું છે એ ય તું જ છે ઓઢ્યું છે એ ય તું,
મારો દરેક શબ્દ તું મારો સ્વભાવ તું.

સાકરની જેમ ઓગળી જઈશ હું ય પણ,
છલકાતો કટોરો ભલેને મોકલાવ તું.

'મિસ્કીન' સાત દરિયા કરી પાર એ મળે,
એ રેખા હથેળીમાં નથી તો પડાવ તું.

◆

ચહી ઉઠાવવા કાવડ મેં શ્રવણની માફક,
પછી સતત હું વિંધાયો છું હરણની માફક.

કંઈ એમ એક પછી એક લૂંટાતું ચાલ્યું,
હવે આ ઘરને સાચવું છું સ્મરણની માફક.

એક રાજેશ નામના પહાડને મિત્રો,
મથું છું ચીરવા વર્ષોથી ઝરણની માફક.

◆

હૃદય સોંસરું એક જણ નીકળ્યું,
ફરી તળ તૂટ્યાં ને ઝરણ નીકળ્યું.

બુઝાતી પળે મન ઊઠ્યું ઝગમગી,
અચાનક પ્રભાતી સ્મરણ નીકળ્યું.

અને કૈંક શ્રાવણ પછી યાદ આ...
સૂકાંભઠ્ઠ થડ પર પરણ નીકળ્યું.

હતું જીવથી એક વ્હાલું કોઈ,
બીજું એક વ્હાલું મરણ નીકળ્યું.

કર્યો માંડ દરિયો પૂરો સ્વપ્ન લઈ,
પડ્યા એકલા ત્યાં જ રણ નીકળ્યું.

હશે ભીતરે ક્યાંક મૃગજળ નર્યાં
રગેરગ ભટકતું હરણ નીકળ્યું.

◆

એક હું શબ્દ લાગણીનો છું,
દોસ્ત! હું મેઘ વાવણીનો છું.

આ નર્યા હાડચામનો તોયે,
છોડ જાણે લજામણીનો છું.

શ્વાસ લીટા ગણાય લોઢાના
આમ મહેમાન છો, અણીનો છું.

પાથરું છું સુરંગ રગરગમાં,
શખ્સ દુશ્મનની છાવણીનો છું.

આવ કે ઝરમરું હું તારામાં,
હુંય પણ મેળો શ્રાવણીનો છું.

◆

હૈયે તો છું પણ હોઠેથી ભુલાઈ ગયેલો માણસ છું,
હું મારા ડાબા હાથે ક્યાંક મુકાઈ ગયેલો માણસ છું.

સૌ જાણે છે કે ચાવું છું હું પાન હંમેશા મઘમઘતાં,
હર પિચકારીમાં રોજ અહીં થુંકાઈ ગયેલો માણસ છું.

પાણીમાં પડેલા કાગળના અક્ષર જેવા છે શ્વાસ બધા,
જીવું છું ઝાંખુંપાંખું હું ભૂંસાઈ ગયેલો માણસ છું.

પાણીનો છે આભાસ એવો લાગું છું સ્વયં દરિયા જેવો,
કંઈ એવી તરસથી રણ જેવું સુકાઈ ગયેલો માણસ છું.

ક્યારેક એવું પણ લાગે છે આ વસ્તીમાં વસનારાને,
એક સાવ બજારુ ઓરત છું ચુંથાઈ ગયેલો માણસ છું.

સૌ આવી ગુનાહો પોતાના કબૂલીને મનાવે છે મિસ્કીન,
કોને કહેવું હું મારાથી રિસાઈ ગયેલો માણસ છું.

◆

પૂછ સવાલો દુનિયાભરના હું દેવાનો ઉત્તર એક જ.
રંગબેરંગી તારી દુનિયા મારું તો આ જીવતર એક જ.

ચોરે-ચૌટે-પાદર-વગડે, બારે મહિના ક્યાં ક્યાં રખડે?
કેમ હજુ પણ ના સમજાયું ઈશ્વર બાહર-ભીતર એક જ.

અંદર મન બાહર આ માયા એકબીજાના છે પડછાયા,
કૈંક જનમથી રમત ચાલતી અંદર ને આ બાહર એક જ.

અંત અને આરંભ કશું ક્યાં? હતા, છીએ રહેવાના અહીંયા,
તન-મન છોને રહું બદલતો પણ રહેવાનું છપ્પર એક જ.

કોણ ઘસાતું કોને ખાતર? સાવ નકામા પ્રશ્નો ના કર,
'મિસ્કીન' શાલિગ્રામ અને આ ઓરસિયાનો પથ્થર એક જ.

◆

હવે આ મનનું ઊડવું ગુલાલની માફક,
અને આ દેહનું નડવું દીવાલની માફક.

સમયને બદલે આપણે વીતી જવાનું છે,
દિવસની જેમ તો ક્યારેક સાલની માફક.

પસાર થઈ જવું તારું આ આંખ મીંચીને,
બુઝાઈ જાવું આ મારું મશાલની માફક.

સળગતો હોય છે એ વાત સાવ જુદી છે,
દરેક હોય છે જીવતો ખયાલની માફક.

એક રાજેશ નામના પુરાણા કિલ્લામાં,
પડ્યો છું કોક ખૂણે હુંય ઢાલની માફક.

◆

થોડોય પરિચય નથી છતાં સંબંધ છે,
લાગે છે હૃદયની આ લાગણીઓ અંધ છે.

કોઈ ખીલેલું ફૂલ ખરે ભર વસંતમાં,
વીતેલ સૌ પ્રસંગ નીરખવા પ્રબંધ છે.

છવાઈ ગઈ છે પાનખર ચમનમાં તે છતાં,
અહીં પાન પાનમાં વસંતની સુગંધ છે.

ભવરણમાં એટલે જ ભટકતો રહ્યો સદા,
જોયું'તું મેં પ્રભુને ઘેર દ્વાર બંધ છે.

જેના હતા અમે એ અમારા ન થઈ શક્યા,
'મિસ્કીન' જિંદગીમાં રઝળતા સંબંધ છે.

◆

હવે ઘૂઘવે છાતીએ થઈને દરિયો,
હતું ચિત્રમાં જે ઝરણ ઝાંખુંપાંખું.

હશું કોક જન્મે ઘૂમ્યા સર્વ ખંડે,
જગાએ જગાનું સ્મરણ ઝાંખુપાંખું.

અમે પોષની ટાઢમાં જળની મધ્યે,
રહ્યા જાગતા લઈ કિરણ ઝાંખુંપાખું.

ગયું જે કંઈ એ રહ્યું સ્વપ્ન રૂપે,
હવે જીવવું એય પણ ઝાંખુંપાંખું,

મળી આંધળી મા અને લાખ ડૂસકાં,
કર્યું યાદ જ્યાં બાળપણ ઝાંખુપાંખું.

◆

જંગલ છે અંધકારનું મારા પ્રવાસમાં,
અજવાળું તારી યાદનું પ્રત્યેક શ્વાસમાં,

ઝરમરતી એક ઝંખના લઈને પરોઢિયે,
પથરાઈ હું ગયો છું ઘણી વાર ઘાસમાં.

આવ્યા છે હંસ માનસરોવરના દૂરથી,
ઓ આંખ! શું તેં વેરી દીધું આસપાસમાં?

છે યાદ, એક વાર એકલતા થઈ'તી ખુશ,
આપી દીધાં છે ગામનાં ગામો ગરાસમાં.

'મિસ્કીન' એક સ્વપ્ન લઈને સફર કરું,
જાણે સરકતો ચંદ્ર પૂનમથી અમાસમાં!

◆

પ્રત્યેક વાત દુઃખની કથા હોઈ શકે છે,
આ હોવું સ્વયં એક સજા હોઈ શકે છે.

થોડાકનો ઇજારો દુઆ હોઈ શકે છે,
જંજીરમાં જકડેલી હવા હોઈ શકે છે.

બસ, એટલે જ માઠી દશા હોઈ શકે છે,
હદથીય એ વધારે ભલા હોઈ શકે છે.

પાંપણ સુધી પહોંચતાં આવે છે પ્હાડ ખૂબ,
આ આંસુઓ ય વરસો જૂના હોઈ શકે છે.

હા, મૂળમાં તો હોય છે કેવળ એ અખતરા,
ક્યાં કોઈ પણ છેવટની દવા હોઈ શકે છે.

'મિસ્કીન' જિવાડતી રહે મનગમતી ગઝલ થૈ,
એ કોઈએ આપેલી વ્યથા હોઈ શકે છે.

કમનસીબી સામે ટક્કર હોય છે,
એ સમે છાતી આ વજ્જર હોય છે.

ઊતરો ઊંડે તો અધ્ધર હોય છે,
કોઈ પણ કારણ ક્યાં નક્કર હોય છે.

ગૂંગળાવી નાખશે આ લાગણી,
અટપટા એનાંય ચક્કર હોય છે.

છે શિખામણ આપવામાં શ્રેષ્ઠ સૌ,
જે મળે સામે એ સધ્ધર હોય છે.

ભાર એનો હોય ધબકારા સમો,
છાતીયે એવાય પથ્થર હોય છે.

રંગબેરંગી ફૂલો જે લાગતાં,
મૂળમાં કોઈના અક્ષર હોય છે.

◆

ખૂબ તરસ્યો છું ધોધમાર વરસ,
તોડ બંધન બધાં ધરાર વરસ.

કોઈ એકાદ જણ તો ભીંજાશે,
છે વરસવું ભલે અસાર, વરસ.

મન અમારું ય સાવ માટીનું,
બસ, અમસ્તું ય એક વાર વરસ.

યાદ પેઠે ફરી ફરીને તું,
આવ આવીને અનરાધાર વરસ.

આજ પણ કોઈ ભલે ના આવે,
આજ અંદર નહીં બહાર વરસ.

કોઈ ટહુકે છે ખૂબ આઘેથી,
ચાલ 'મિસ્કીન' મૂશળધાર વરસ.

◆

યાદમાં મળીએ પળેપળ ક્યાંક તું ને ક્યાંક હું,
કાપીએ ચુપચાપ અંજળ ક્યાંક તું ને ક્યાંક હું.

આ ઉપરની સ્વસ્થતા સૌને હસી મળવું સદા,
ને ઊભા અંદરથી વિહ્વળ ક્યાંક તું ને ક્યાંક હું.

ક્યાંય નકશામાં નથી ને સાથ ત્યાં રહેવું સરળ,
કાળજે સાચવતાં એ સ્થળ ક્યાંક તું ને ક્યાંક હું.

બારણે ઊભા હશે, સૂતા હશે, ઊઠ્યા હશે,
રોજ બસ કરીએ આ અટકળ ક્યાંક તું ને ક્યાંક હું.

વ્યસ્ત કૈં એવા સતત ના જાત જોવાનો વખત,
અન્યને કાજે જ ઝળહળ ક્યાંક તું ને ક્યાંક હું.

એકલાં છલકાઈને ચુપચાપ સુકાઈ જતાં,
લાગણી ખાતર થયાં જળ ક્યાંક તું ને ક્યાંક હું.

એકબીજામાં ધબકતા જીવની માફક સતત,
આ અમસ્તા બ્હાર કેવળ ક્યાંક તું ને ક્યાંક હું.

◆

આભથી ઊતરી અને વહેતાં સ્મરણ વરસાદમાં,
થાય કાગળની પછી હોડી ચરણ વરસાદમાં.

હું જડી આવીશ એ એકેક ફોરામાં તને,
આંગણે ઊભી રહે એકાદ ક્ષણ વરસાદમાં

ત્યાંય પણ રિવાજ, ધંધો જાત અમને તો નડ્યાં,
ના કદી પલળી શકાયું એક પણ વરસાદમાં.

પાંચ દસ નદીઓનાં ઘોડાપૂર ઊમટ્યા શ્વાસમાં,
કૈંક બસ એવું હતું વાતાવરણ વરસાદમાં.

રાજિયો ચડ્ડી ઉતારી દોડતો ન્હાવા ગયો,
ને પછી દોડી ગયો રાજેશ પણ વરસાદમાં.

◆

સળગે બહાર-અંદર આ આગ કોઈ ઠારો,
ડોકાઈને ઘડીભર આ આગ કોઈ ઠારો.

ભુંજાઈ જશે પળમાં લીલુંય સૂકા ભેગું,
ઝાઝું હવે ન અંતર આ આગ કોઈ ઠારો.

આ શ્વાસ પણ હવે તો લાગે છે પવન જેવા,
ભડકે છે ઓર ભીતર આ આગ કોઈ ઠારો.

રગરગ બધીય જાણે જ્વાળા જ લપેટાઈ,
સાક્ષાત્ અગન અજગર આ આગ કોઈ ઠારો.

સૌ હોય જ્યાં ઊકળતા દોડીને કોણ આવે?
ઓ સાત મહાસાગર આ આગ કોઈ ઠારો.

જન્મોય કૈંક લીધા સદીયોય કૈંક વીતી,
રૂંધાય છે હવે સ્વર આ આગ કોઈ ઠારો.

◆

વહી રહ્યો છું કેવું ખળભળ જોતી જા,
એકલતા કેવી છે ઝળહળ જોતી જા.

મ્હારામાં અંધાર અષાઢી ઘૂઘવાતો,
ફરી હશે નહિ આવાં અંજળ જોતી જા.

ત્યાં જ સૂરજ ઊગે ને ડૂબે.. દરિયો ત્યાં,
તારું નામ લખેલો કાગળ જોતી જા

પગ મૂકીશ અને એ આંગણ કહેવાશે,
જમીનનો આ ટુકડો વિહ્વળ જોતી જા.

આગળનું તો આંખો સંભાળી લેશે,
બસ, એકાદી પળ તું પાછળ જોતી જા.

હમણાં ઊંચો થયો આવજો કહેવાને,
હવે હાથ એ સુક્કો બાવળ જોતી જા.

હોય લાકડાનો ટુકડો જાણે સૂરજ,
એમ તરાવે યાદોનું જળ જોતી જા.

તારું નામ અને આ મારા શ્વાસો પર,
પાંદડીએ પાંદડીએ ઝાકળ જોતી જા.

મારી એકલતાને અઢળક નામ અહીં,
'મિસ્કીન' દંતકથાનું છે સ્થળ જોતી જા.

◆